**(સને ૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૫ મુજબનો ચુકાદો)**
**અમદાવાદના મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ**

**આંક–**

| | | | |
|---|---|---|---|
| (અ) | કેસનો અનુક્રમ નંબર | :– | ૮૬૬૯૭/૧૯ |
| (બ) | ગુન્હો બન્યાની તારીખ | :– | |
| (ક) | ફરીયાદીનું નામ | :– | શ્રી સરકાર |
| (ડ) | આરોપીઓના નામ અને સરનામું | :– | હિમાંશુ ગોવિંદભાઈ દંતાણી |
| (ઈ) | ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત થયેલો આરોપ | :– | ધી પ્રોહી.એક્ટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)(૩) મુજબ |
| (ફ) | આરોપીનો જવાબ અને તપાસણી | :– | |

સવાલઃ– તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યુ તે મુજબનો ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબઃ– મને ગુનો કબુલ છે.

.......................................................

**મારી રૂબરૂ**

**અમદાવાદ** **ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**તા. ૦૮.૦૨.૨૦૨૦** **અમદાવાદ**

(૧)　　આ કામમાં શાહીબાગ પોલીસ સ્ટેશન દ્વારા આરોપી વિરૂધ્ધ ધી પ્રોહી.એક્ટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧)(૩) મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં ગુના કબુલાત પુરસીસ આંક-૦૨ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે આંક-૦૩ થી પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨)　　સજા બાબતે આરોપીને સાંભળતાં આરોપીએ તેઓ યુવાન વયના છે અને તેઓનો આ પ્રથમવારનો ગુનો છે અને હવે પછી આવો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩)　　આ કેસની તમામ હકીકતો તથા સંજોગો તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂ છું.

## હુ ક મ

આરોપીને ધી પ્રોહી.એક્ટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧)(૩) મુજબના ગુના માટે ક્રિ.પ્રો.કોડ કલમ-૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવી એકત્રિતપણે રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને બે દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(એ.વાય.દવે)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
કોડ નં. GJ00451

અમદાવાદ.
તા. ૦૮.૦૨.૨૦૨૦